ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ : સવારે ૯૨ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ : ૬૪ મી.મી. + ૩૧ = ૯૫ મી. મી.

# હરિયાળા ગાંધીનગરમાં વાવાઝોડાએ વૃક્ષોનો સોથ વાળ્યો





## વાવાઝોડા અસરગ્રસ્તો માટે પંચદેવ યુવક મંડળે ૨ હજાર ફુડ પેકેટ્સ મોકલ્યાં

ગાંધીનગર તા.૧૮

ટાઉ તે વાવાઝોડાને કારણે ગુજરાત સરકારની રાજ્ય વ્યાપી સૂચનાથી વાવાઝોડા અને પુરથી બચાવ કરાવવા દરિયાકાંઠા વિસ્તારમાં વસતા લોકોનું સ્થળાંતર થવાથી તેમના માટે ફૂડ પેકેટ તૈયાર કરાવવા સ્વૈચ્છિક સંસ્થાઓને આહવાન કર્યુ હતું. આ સેવા કાર્ય માટે ગાંધીનગરની સૌથી જૂની અને જાણીતી સંસ્થા શ્રી પંચદેવ યુવક મંડળ દ્વારા ૨ હજાર નંગ ફુડ પેકેટ્સ તૈયાર કરી મોકલવામાં આવ્યાં હતા.

સમગ્ર ગુજરાત રાજ્ય પર ટાઉ તે વાવાઝોડું આફતની આંધી બનીને ત્રાટક્યું છે જેમાં દરિયાકિનારાના વિસ્તારો તેનાથી સૌથી વધુ પ્રભાવિત થતાં લાખો નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ નાગરિકોની મદદ માટે ગાંધીનગરના કલેકટર દ્વારા રાહતકાર્ય અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓને ફૂડ પેકેટ તૈયાર કરવા જણાવતા આજરોજ ગાંધીનગરના પંચદેવ યુવક મંડળના યુવક મંડળના સભ્યો દ્વારા નિયત સમય મર્યાદામાં ફક્ત ચાર કલાકમાં ફૂડ પેકેટ તૈયાર કરી તાત્કાલિક બૂંદી અને ગઠીયાના કુલ બે હજાર નંગ ફુડ પેકેટ્સ તૈયાર કરીને વહિવટીતંત્રને સોંપ્યા હતા.

તાત્કાલિક તૈયાર કરી સરકારને સુપ્રત કર્યા. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ પંચદેવ યુવક મંડળ દ્વારા સરકારની સાથે ખાડે પગે ઊભા રહી પુર, ભૂકંપ જેવી કુદરતી આપત્તિ સમયે સંસ્થા જરૂરી યોગદાન આપી હંમેશા ખડે પગે સેવા આપી ચુકી છે.





## સે. ૨ સ્વામિનારાયણ મંદિરે એક હજાર ફૂડ પેકેટ સુખડી મોકલી



ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિર આચાર્ય મહારાજ કૌશલેન્દ્રપ્રસાદ મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી અને મહંત સ્વામી પુરુષોત્તમ પ્રકાશદાસજીની પ્રેરણાથી સરકારી વહીવટી તંત્રની મદદે પ્રવર્તમાન વાવાઝોડાની પરિસ્થિતિમાં સુખડીના એક હજાર ફૂડ પેકેટ બનાવવામાં આવ્યા હતા અને અસરગ્રસ્તો માટે મોકલવામાં આવ્યાં હતા.

## મુક્તિધામના કર્મચારીઓને અનાજ કીટ વિતરણ કરાયું



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર રાંધેજા નિવાસી સ્વ. અનિલકુમાર બળદેવભાઈ પટેલની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તેમના ધર્મપત્ની શ્રીમતી સુરેખાબેન અનિલ કુમાર પટેલ દ્વારા ગાંધીનગર સેક્ટર ૩૦ મુક્તિધામ તેમજ સરગાસણ મુક્તિધામ ના કર્મચારીઓ ને અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું રંગતાલ ચેરીટેબલ ટ્રસ્ટ અને લવ કુશ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા કરોના ના કપરા સમયમાં રાત દિવસ હોય વિના સરાહનીય કાર્ય કરનાર મુક્તિધામ માં ફરજ બજાવતા કુટુંબ પરિવારોને અનાજની કીટ બનાવીને વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય માં રંગતાલ ચેરીટેબલ ટ્રસ્ટના અંજલી પટેલ , પ્રજેશ પટેલ, મિલન પટેલ, માનસી પટેલ, આશા પટેલ, જીત પટેલ નો સાથ સહયોગ મળ્યો હતો.

## લાયન્સ પરિવાર દ્વારા કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટરની સેવા



ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ જયારે કોરોના વાઈરસની મહામારીથી પરેશાન થઈ રહ્યું છે. ત્યારે દેશવાસીઓ એકજૂટ થઈ કોરોનાને નાબુદ કરવા પ્રયત્નો કરી રહ્યા છે. સરકાર લોકોને મદદરુપ થઈ રહી છે. ત્યારે લોકોએ પણ પોતાની નૈતિક ફરજ સમજીને ગામ, શહેરની અનેક સંસ્થાઓ જરૂરિયાતમંદ લોકોની સેવા કરવા આગળ આવી છે ત્યારે લાયન્સ પરિવાર અને મિત્ર દાતાઓ દ્વારા માતબર દાન મેળવી ઓક્સિજન સિલિન્ડર અને ઓક્સિજન કોન્સન્ટ્રેટરની વસાવવામાં આવ્યા છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર આવશ્યક જરૂરિયાવાળા દર્દીઓને ઓક્સિજન સિલિન્જર અને ઓક્સિજન કોન્સન્ટ્રેટરનું વિતરણ લાયન્સ મેડિકલ સાધન સહાય કેન્દ્ર સેકટર-૨ ખાતેથી કરવામાં આવી રહ્યું છે. કોરોનાના સેકન્ડ વેવમાં આશરે ૨૦૦ થી વધુ દરદીઓને અણીના સમયે આ સેવા પૂરી પાડી સમાજઉપયોગી ઉદાહરણ પૂરું પાડ્યું છે.



ગાંધીનગરના ચિલોડા ખાતે દહેગામ રોડ પર ત્રિદેવ પાર્ટી પ્લોટ સામે એક મસમોટુ વૃક્ષ ધરાશાયી થયું હતું. આ ઘટનાની જાણ કરનાર પાર્ટી પ્લોટના સંચાલક અરવિંદભાઈ સહિત અન્ય સ્થાનિકોની મદદથી પોલીસે આ વૃક્ષને હટાવવાની કામગીરી ત્વરિત ધોરણે હાથ ધરી માર્ગ ખુલ્લો કર્યો હતો.

## આજે સે. ૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ‘હેપ્પી રક્તદાન શિબિર’ યોજાશે

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેક્રમાં કોરોનાને કારણે સર્જાયેલી રક્તની અછત દૂર કરવા મદદરૂપ થવાના હેતુથી "હેપ્પી યુથ ક્લબ"નું આયોજન

ગાંધીનગર તા. ૧૮

છેલ્લાં સવા વર્ષથી દેશમાં ચાલી રહેલા કોરોના સંક્રમણને કારણે રક્તદાનની પ્રવૃતિ પર ઘેરી અસર થવા પામી છે જેના કારણે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં લોહીનો પુરવઠો ખૂટી રહ્યો છે. કોરોના કાળમાં સર્જાયેલી રક્તની અછતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મદરૂપ થવાના ભાગ રૂપે ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ કલબ" અને સેકટર-૨ સ્વામિનારાયણ મંદિરના સંયુકત ઉપક્રમે આવતીકાલે તા. ૧૯મી મે, બુધવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન સે.૨ સ્વામિનારાયણ મંદિર ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી યુથ કલબના છઠ્ઠા સ્થાપના દિન નિમિત્તે આયોજિત "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ રૂપે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેક્ર દ્વારા પૂરી પાડવામાં આવશે જે એકત્રિત રક્ત કોઈ સિવિલ હોસ્પીટલમાં દાખલ જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, પ્રસૂતિ, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. આ "હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ યુવાનોને કોવિડ પ્રતિરોધક રસીકરણ પહેલા રક્તદાન કરવાની તક પૂરી પાડવાનો છે. હેપ્પી રક્તદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડ લાઈન અનુસાર ફરજિયાત માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવામાં આવશે.





**વાવોલ જળબંબાકાર થયું ને વિજળી વેરણ થઈ –** ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં પણ તાઉતે વાવાઝોડા સાથે વરસેલા તોફાની વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં ઠેર ઠેર વૃક્ષો અથવા વૃક્ષોની ડાળીઓ તુટી પડવાની ઘટના સર્જાઈ હતી તેમજ સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ જવા પામ્યો હતો. આ સાથે વિજળી પણ ડૂલ થઈ જતાં વાવોલવાસીઓ ભારે પરેશાનીનો ભોગ બન્યાં હતા. તોફાની વાવાઝોડાં સાથે વરસેલા વરસાદથી ખુલ્લા પ્લોટો, મેદાનો અને રસ્તાઓ પરના ખાડા પાણીથી ભરાઈ ગયાં હતા તથા અનેક સોસાયટીઓના કંપાઉન્ડમાં પણ તળાવ ભરાયાં હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. દર વખતે વરસાદના કારણે વિજળી ડૂલ થઈ જવાની સમસ્યામાંથી હજુ પણ વાવોલના રહીશોને મુક્તિ મળી નથી તેથી રહીશોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પટેલ મનીબેન ભીખાભાઈ,** ઉ.વ. ૫૮, મોતીપુરા, સાદરા
- **સ્વ. મકવાણા ભારતીબેન બાબુલાલ ,** ઉ.વ. ૭૦, સેકટર-૧૩
- **સ્વ. ગોસ્વામી જગદીશભારતી મોહનભારતી,** ઉ.વ. ૫૬, હિંમતનગર
- **સ્વ. પટેલ પ્રાચી પ્રહલાદભાઈ,** ઉ.વ. ૨૦, વસ્ત્રાલ, અમદાવાદ
- **સ્વ. ચૌહાણ હરિસિંહ હિંમતસિંહ,** ઉ.વ. ૬૫, ભારઈ, દહેગામ
- **સ્વ. માલવીયા કાનજીભાઈ કમજીભાઈ,** ઉ.વ. ૫૩, પરવઠ, વિજાપુર
- **સ્વ. મેસરિયા વાલીબેન રમણભાઈ,** ઉ.વ. ૫૮, મહુન્દ્રા
- **સ્વ. પરમાર પ્રવિણભાઈ અમૃતલાલ,** ઉ.વ.૬૮, સેકટર-૧
- **સ્વ. રબારી વાલજીભાઈ માવજીભાઈ,** ઉ.વ. ૬૩, સેકટર-૪
- **સ્વ. પરમાર રાનાભાઈ કોદરભાઈ,** ઉ.વ. -, વડોદ, દહેગામ
- **સ્વ. લુહાર હર્ષદકુમાર નવઘણભાઈ,** ઉ.વ. ૨૨, પ્રાંતિજ, સાબરકાંઠા
- **સ્વ. પ્રજાપતિ મહેશભાઈ મણીલાલ,** ઉ.વ. ૫૨, જલુંદ
- **સ્વ.સોલંકી જીવાબેન સોનસિંગ,** ઉ.વ. ૮૫, દોલતાબાદ, તલોદ





ગાંધીનગરના ઉનાવા ગામ ખાતે સ્વામિનારાયણ મંદિર ખાતે ૩૯મો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અન્નકૂટ સાથે સાથે ભગવાન સ્વામિનારાયણને અભિષેક કરી આ આવી પડેલ કોરોના મહામારીમાં ભગવાન સૌની રક્ષા કરે અને સૌનું સ્વાસ્થ્ય સારું રહે તેવી સમગ્ર ઉનાવા ગ્રામજનો અને સ્વામિનારાયણ સંપ્રદાય વતી પ્રાર્થના અર્ચના કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



યુનુસભાઈ પરમાર
ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ, વાઈસ પ્રેસીડેન્ટ




ઉષા ગિરીશ ઠક્કર
મંત્રી, જલારામ મહિલા મંડળ,ગાંધીનગર



શુભમ સુખડીયા
રાધે-રાધે ગૃપ
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫



જિયાંશી
રણજિતભાઈ ચૌહાણ



શ્રેયા દિપકભાઈ પ્રજાપતિ
ફોન : ૨૩૨૨૩૯૦૧

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યા સુશીલાબેન વાઘેલાના પતિ અરવિંદસિંહ વાઘેલાનું આજે અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી સંક્રમિત થયેલા દર્દી કરતાં કોરોનામુક્ત થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. છેલ્લા ૮ દિવસથી આ ક્રમ ચાલતાં જિલ્લાનો રિકવરી રેટ ૮૩ ટકાએ પહોંચ્યો છે.
- ગાંધીનગરમાં ઘ માર્ગ પર બનાવેલ અન્ડરપાસ આજે પ્રથમ વરસાદમાં જ ભરાઈ જવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતાં શહેરમાં વાહન ચાલકો અટવાયા હતા.
- ગાંધીનગર શહેરમાં ભેળવાયેલા તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોરથી જ લાઈટો બંધ છે.
- શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૦ મૃતકોની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ અંતિમ વિધિ કરવામાં આવી છે.
- ચિલોડા નજીક બનાવાયેલ ઓવરબ્રીજની આસપાસ પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- સચિવાલયની પોઈંટ બસો બંધ રહેતાં અમદાવાદથી આવેલા કર્મયોગીઓ અટવાઈ પડ્યા હતા.